# ઉપનિષદ અને ગીતા : કેટલુંક સામ્ય

ડૉ.જયશ્રી જી. જાંબુસિયા
વી.ટી.ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સૂરત.

**સારાંશ**
*ભારતીય ચિંતનશાસ્ત્રો મૂળથી જ આત્માનુસંધાન પ્રત્યે ઉન્મુખ છે. આ-લોક અને પર-લોક બંનેના શ્રેયણે સિદ્ધ કરનારું છે અને તેની મુખ્ય આધારશિલા ઉપનિષદોનું પરિપક્વ વિચારદોહન જ છે. વેદોના સાર કે રહસ્યરૂપે આ ગ્રંથરત્નો મનાય છે, તેથી જ તેમને 'વેદાન્ત' કહેવાય છે. વૈદિક ધર્મ અને દર્શનના જે નવનીત સમા ગ્રંથોને પ્રસ્થાનત્રયીકહેવાય છે; તેમાં મુખ્યત્વે ઉપનિષદોનું સ્થાન છે. ઉપનિષદ પછી શ્રીમદ્ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર આવે છે. ઉપનિષદો કેવળ ષડ્દર્શનો જ નહિ પણ જૈન તેમ જ બૌદ્ધદર્શનનો પણ મૂળ પ્રેરણા સ્રોત છે. ઉપનિષદનો અર્થ उप =पासेनि+सद् = બેસવું. અર્થાત્ 'ગુરુની પાસે બેસીને મેળવેલ ઉદાત્ત આધ્યાત્મિકવિદ્યા.' પ્રમુખ ઉપનિષદોની સંખ્યા ૧૨ છે – ઈશાવાસ્ય ઉપનિષદ, કેનોપનિષદ, કઠોપનિષદ, પ્રશ્નોપનિષદ, મુંડકોપનિષદ, માંડૂક્યોપનિષદ, ઐતરેય ઉપનિષદ, તૈતરીયોપનિષદ, છાંન્દોગ્ય ઉપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ, કૌષીતકિ ઉપનિષદ અને શ્વેતાશ્વતર ઉપનિષદ. ગીતા ઉપનિષદોનો સારાંશ છે, માર્ગદર્શિકા છે, ગાઈડ છે. શ્રીકૃષ્ણએ ઉપનિષદરૂપી ગાયોનું દોહન કરીને ગીતારૂપી દૂધ આપેલ છે. આથી ગીતાનો ઉપદેશ એ ઉપનિષદોના ઉપદેશથી ભિન્ન નથી પણ એકરૂપ છે. ગીતાના અઢારે અઢાર અધ્યાયના નામોમાં અંતિમ શબ્દ 'યોગ' આવે જ છે તથા દરેક અધ્યાયના અંતે આવતાં સંકલ્પ પાઠમાં પણ 'યોગશાસ્ત્ર'નો ઉલ્લેખ છે, જે ઉપનિષદના 'ૐ' ધ્વનિમાં સમાવેશિત છે.*

## ૧. પ્રસ્તાવના

'सर्वापनिषदो गावो दोग्धा गोपालनन्दन: ।
पार्थो वत्स: सुधीभोक्ता दुग्धं गीतामृत महत् ।।

અર્થાત્, સર્વ ઉપનિષદો ગયો છે, તેને દોહાનાર ગોવાન્તી ગોપાલનંદન છે. બુદ્ધિમાન અર્જુન તે ગાયોને પાનો આણનાર વાછડાને સ્થાને છે અને આવી અપૂર્વ સામગ્રી એકત્ર થવાથી આ જે દૂધ દોહવાયું છે તે મહાન ગીતારૂપી અમૃત છે.
આ ગીતા માટે પ્રાચીન અલંકારયુક્ત પણ યથાર્થ વર્ણન છે. આ ગીતામાં સર્વ ઉપનિષદોનો સાર આવેલો છે, એટલું જ નહિ, પણ ગ્રંથનું પૂરું નામ પણ શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપનિષદ' એ પ્રમાણે છે. ગીતાના પ્રત્યેક અધ્યાયના અંતે અધ્યાય સમાપ્તિ દર્શક જે સંકલ્પ આવે છે, તેમાં પણ –

'ईति श्रीमद्भगवद्गीता सुपनिषस्तु, ब्रह्मविध्यया ।
योगशाश्त्रेश्रीकृष्ण अर्जुन संवादे.....'।।

એમ આવે છે. આ સંકલ્પ મૂળ- મહાભારતમાં ઉપલબ્ધ નથી. આમ છતાં, તે ગીતાની દરેક પ્રાચીન પ્રતોમાં ઉપલબ્ધ છે. આથી એવું અનુમાન થાય છે કે, નિત્ય પાઠને માટે ગીતા જે વખતે મહાભારતમાંથી પહેલવહેલી જુદી કરવામાં આવી તે વખતથી એટલે કે ગીતા ઉપર કોઈ ટીકા લખાયા પૂર્વે જ ગીતાનો ઉપર્યુક્ત સંકલ્પ પ્રચારમાં આવેલ હોવો જોઈએ. આ સંકલ્પ પાઠ અંગુલિનિર્દેશ કરે છે કે ગીતાની વ્યાખ્યા કરવામાં, ગીતાને સમજવા માટે ઉપનિષદો અગત્યના ગ્રંથો છે.

## ૨. ગીતા અને ઉપનિષદના ઉપદેશો

ગીતા ઉપનિષદોનેવિશેષ મહત્વ આપે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઉપનિષદના ઉપદેશો ત્રણ પ્રકારે ઉપલબ્ધ છે.
૧. ઉપનિષદોના પૂરેપૂરા શ્લોક કે અંશ સીધેસીધા ગીતામાં કહેવામાં આવેલ છે.

૨.ઉપનિષદોના શ્લોક નજીવા ફેરફાર સાથે ગીતામાં કહેવામાં આવેલ છે.
૩. ઉપનિષદોના શ્લોકોના ભાવ લઈને ગીતાનો ઉપદેશ કહેવામાં આવેલ છે.

ગીતાના બીજા અધ્યાયનું અશોચસ્ત્વં, આઠમા અધ્યાયનું અક્ષરબ્રહ્મનું સ્વરૂપ અને તેરમા અધ્યાયમાંનો ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિચાર, 'જ્ઞેય' પરબ્રહ્મનું સ્વરૂપ એ સર્વ વિષય અક્ષરશ: ઉપનિષદને આધારે ગીતામાં વર્ણવેલો છે. ઉપનિષદોમાં કેટલાક ઉપનિષદો ગદ્યમાં તો કેટલાક પદ્યમાં છે, તેમાં ગદ્યાત્મક ઉપનિષદના વાક્યો ગીતામાં જે પદ્યમય છે; તેમાં થોડાં ફેરફાર સાથે કહેવામાં આવેલ છે. જેમ કે,
-'જે છે તે છે અને નથી તે નથી.'(ગીતા ૨/૧૬)
- यं यं वाति स्मरं भाव'(ગીતા ૮/૬)
ઈત્યાદિ વિચાર છંદોગ્ય ઉપનિષદના અને 'क्षीणे पुण्ये'(ગીતા ૯/૧૨),

ज्योतिषा ज्योति:' (ગીતા ૧૩/૧૮) કે 'मात्रास्पर्शा:' (ગીતા ૨/૧૪) વગેરે વિચારો અને વાક્યો બૃહદારણ્યકના છે. ગદ્યાત્મક ઉપનિષદો છોડી પદ્યાત્મક ઉપનિષદના કેટલાંક વાક્યો તો જેવાં ને તેવાં જ ભગવદ્ગીતામાં લેવાયેલ છે. તો પદ્યાત્મક ઉપનિષદના કેટલાંક વાક્યો તો જેવાં ને તેવાં જ ભગવદ્ગીતાના લીધેલા છે. 'ईन्द्रियाणि पराण्याहु' (૩/૪૨) આ ગીતાનો શ્લોક કઠ ઉપનિષદ (૩/૧૦)નો છે. તે જ પ્રમાણે ગીતાના ૧૫મા અધ્યાયમાનું અશ્વત્થ વૃક્ષનું રૂપક કઠોપનિષદમાંથી અને 'न तद्भासयते सूयो'(ગીતા ૧૫/૬) શ્લોક કઠ અને શ્વેતાશ્વેતર ઉપનિષદમાંથી થોડાંક ફેરફાર સાથે લેવાયેલ છે. આમ, ગીતા ઉપદેશનો મુખ્ય આધાર ઉપનિષદ છે.

### ૩. ઉપનિષદ સિદ્ધાંતો અને ગીતા – સાર

ઉપનિષદના મૂળત: સિદ્ધાંતો એટલે ગીતા – સાર એમ કહી શકાય.

આત્મા અમર છે અને તે સ્વયં પરમાત્મા જ છે, એવું ઉપનિષદોના ચિંતકો મને છે, જે ગીતાજીમાં પણ 'આત્મા અમર છે, તે કાળી મરતો નથી' એવું સ્પષ્ટ કહેવાયું છે. ઉપનિષદ મુજબ, જગત માયાના આવરણ નીચે રહેલું છે તેથી જ નિત્ય ભાસે છે, પણ વાસ્તવિક રીતે તો કેવળ પરબ્રહ્મતત્વ જ સનાતન છે.

'अयमात्मा ब्रह्मा तत् त्वमसि; अहं ब्रह्मास्मि; ।
ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मव नोपर: ।।

એવું ઉપનિષદમાં જણાવ્યું છે; જે કંઈક જુદા શબ્દોમાં ગીતાજીના બીજા અને પંદરમાં અધ્યાયમાં પણ કહેવામાં આવ્યું છે.

### ૪. ઈશાવાસ્ય ઉપનિષદ

આ ઉપનિષદમાં ૧૮ પદ્યો છે. અદ્વૈત ભાવનાને અત્યંત પ્રભાવશાળી રીતે રજૂ કરવાનું અનુપમ શ્રેય આ ઉપનિષદને ફાળે છે.

'ईशावास्यं ईदम् सर्वम्, यत्किश्चतंजगत् ।
तेन त्यक्तेन जाम्जिथा: मा गृध कश्चि धनम् ।।

માનું 'तेन त्यक्तेन जाम्जिथा:' અમર વાક્ય ગીતાજીમાં પણ ત્યાગના મહત્વને પુરવાર કરે છે. આ ઉપરાંત વિદ્યા, અવિદ્યા !, સંભૂતિ, અસંભૂતિ વગેરેની પણ ઈશોપનિષદમાં ચર્ચા કરવામાં આવી છે, જે ગીતાજીમાં પણ છે જ.

**૫. ઉપસંહાર**

ઉપનિષદોનું દાર્શનિક ચિંતન પૌરોહિત્ય પ્રધાન કર્મકાંડ પ્રથા સામે એક પ્રકારનો પ્રતિક્રિયા હતી. ઉપનિષદોનું સર્વપ્રથમ ફારસી ભાષાંતર દારા શિકોહની ઈચ્છાથી થયું હતું. દારા પોતે ઉપનિષદોનો પ્રશંસક હતો. ફારસી અનુવાદનું નામ ‘સિર્રે – એ – અકબર’ છે. જીવની શિવ સુધીની આરાધનાનું કેન્દ્ર ઉપનિષદ છે, એ જ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કહેવાયું છે કે –

‘एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुत: ।
रुद्रलोकमवाटनोति गणो भूत्वा वसेच्चिरम् ।।

અર્થાત્, જે મનુષ્ય ભક્તિયુક્ત થઈને નિત્ય એક અધ્યાયનો પણ પાઠ કરે છે; તે રુદ્રલોકને પામે છે અને શિવજીનો ગણ થઇ ચિરકાળ વસે છે.  આમ, ઉપનિષદ એ શ્રીમદ્ ભગવદ્ગીતાની આધારશિલા છે; જે મનુષ્યના આત્મા અને પરમાત્મ તત્વની સ્પષ્ટ સમાજ આપે છે.

**સંદર્ભ ગ્રંથો**

૧. ‘ઉપનિષદ વિચારણા’ – નર્મદાશંકર મહેતા
૨. ‘ગીતા વિમર્સ’ – નાથુભાઈ ડોડિયા
૩. ‘માંડૂક્યોપનિષદ્ ગૌડપાદકારિ કા’ – ડૉ. અરવિંદ હ. જોશી
૪. ‘સંસ્કૃત સાહિત્ય કા ઈતિહાસ’ – પં. બલદેવ ઉપાધ્યાય
૫. ‘સંસ્કૃત વાડમયનો ઈતિહાસ’ – પ્રા. સી.એલ. શાસ્ત્રી